
VOL. 3 I ISSUE 5-6 I AUG-SEP 2019 I ₹100
www.cocktailzindagi.com

# કોકટેલ ઝિંદગી

કાન્તિ ભટ્ટ સ્પેશ્યલ



## કાન્તિ ભટ્ટ

૧૫ જુલાઈ, ૧૯૩૧-અનંતકાળ

# ધૂનકી

## ચીલાચાલુ ટ્રેન્ડથી સાવ અલગ જ ટાઈટલ ધરાવતી ગુજરાતી ફિલ્મ



પૂર્વી દેસાઈ

પ્રતીક ગાંધી અને દીક્ષા અભિનીત નવી ગુજરાતી ફિલ્મ ધૂનકી રિલીઝ થવા જઈ રહી છે. ચીલાચાલુ ટ્રેન્ડથી સાવ અલગ જ ટાઈટલ ધરાવતી આ ફિલ્મ 'ધૂનકી'ની સ્ટારકાસ્ટ અને તેના દિગ્દર્શક અનિશ શાહની 'કૉકટેલ ઝિંદગી' સાથે થયેલી રસપ્રદ વાતો વાચક મિત્રો સાથે શૅર કરીએ છીએ.

**'ધૂનકી' આ નામ જ ખૂબ અનોખું છે. આ નામ કઈ રીતે આવ્યું?**

**અનિશ શાહઃ** વાસ્તવમાં આ ટાઈટલ, અમારી ફિલ્મ બની ગયા પછી આવેલું ટાઈટલ છે. અમે ફિલ્મ બનાવવાનું શરૂ કર્યું ત્યારે અમારી પાસે કોઈ ટાઈટલ નહોતું. ખરેખર તો અમે તો શ્યોર પણ નહોતા કે અમારી આ ફિલ્મને અમે શું ટાઈટલ આપીશું. કારણ કે, આ ફિલ્મ બહુ ડ્રામેટીક કહી શકાય એવી ફિલ્મ નથી. ખૂબ સેટલ્ડ ફિલ્મ છે, તેની ટ્રીટમેન્ટ પણ અમે એક સેટલ્ડ ફિલ્મ તરીકેની જ રાખી હતી. આથી અમને ખબર હતી કે, જો ફિલ્મનું ટાઈટલ ખૂબ ભારે રાખવામાં આવશે તો કદાચ એ અમારી ફિલ્મને જસ્ટીફાય નહીં કરે. આથી અમે ફિલ્મ બનાવતી વખતે, તેનાં એડિટીંગ વખતે સતત એ બાબતે ચર્ચાઓ કરતાં રહેતાં કે, ટાઈટલ શું રાખવું. અને આ દરમિયાન અનેક ટાઈટલ્સ અમને મળ્યા પણ ખરા. પરંતુ, તેમાં એવી મજા નહોતી આવી રહી જે



'ધૂનકી'ની યંગ અને એનર્જેટિક ટીમ - અનિશ શાહ, પ્રતિક ગાંધી, દીક્ષા જોશી, વિશાલ શાહ અને કૌશાંબિ ભટ્ટ



'ધૂનકી' ફિલ્મના સીનમાં પ્રતીક ગાંધી અને દીક્ષા જોશી

અમારી ફિલ્મને અને તેની વાર્તાને પૂર્ણપણે ન્યાય આપી શકે. અને મજાની વાત એ છે કે, આ ફિલ્મના લિરિક્સ, સોંગ્સ આ બધું જ ફિલ્મ શૂટ થયા પછી થયેલું છે. પહેલા અમારી ફિલ્મમાં માત્ર એક જ ગીત હતું. પછી અમારી વચ્ચે ચર્ચા થઈ, ઘણાંય બ્રેઈન સ્ટોર્મિંગ સેશન્સ થયાં અને ત્યારબાદ તેમાં બીજા ગીતો ઉમેરવામાં આવ્યા. આ રીતે ચર્ચા કરતાં–કરતાં આખરે ફિલ્મને ચાર ગીતો મળ્યા. હવે જ્યારે આ લિરિક્સ અને સોંગ્સની વાતો ચાલી રહી હતી ત્યારે મિલીન્દભાઈના દિમાગમાં એક ટાઈટલ આવ્યું અને તેમણે મને કહ્યું કે આપણે 'ધૂનકી' ટાઈટલ રાખીએ. મતલબ કે કોઈક બાબતની, કોઈક કામ કરવાની જ્યારે તમને ધૂન લાગી જાય અને તમે મંડી પડો, તે જ રીતે. હું એમ કહીશ કે અમારી ફિલ્મની કથાવસ્તુને આ ટાઈટલ 'ધૂનકી' બરાબર જસ્ટીફાય કરે છે.

**અચ્છા, તો આ સબ્જેક્ટ કઈ રીતે સૂઝ્યો તમને? ક્યારે એવું લાગ્યું કે આપણે હવે નવી ફિલ્મ આ વિષય પર કે આ પ્રકારની વાર્તા પર બનાવીશું?**

**અનિશ શાહઃ** મેં ૨૦૧૨માં એક ફિલ્મ લખી હતી, 'કેવી રીતે જઈશ.' અને ત્યાર પછી હું સતત બીજા ઘણાં બધા વિષયો એક્સપ્લોર કરતો રહ્યો. પરંતુ, 'કેવી રીતે જઈશ' પછી આપણી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો ટ્રેન્ડ બદલાતો ગયો. ખાસ તો 'છેલ્લો દિવસ' જેવી ફિલ્મ આવી ત્યાર પછી ગુજરાતી ઈન્ડસ્ટ્રીમાં કોમેડીનો ટ્રેન્ડ શરૂ થયો. હવે તે સમયે મેં એક–બે સ્ક્રિપ્ટ વર્કઆઉટ કરી હતી પરંતુ, તે સમયે ટ્રેન્ડ જ કોમેડીનો ચાલી રહ્યો હોઈ, લોકોને કોમેડી ફિલ્મો જ બનાવવી હતી. હવે આ વિશેની ગડમથલ ચાલી રહી જ હતી ત્યાં મને વિચાર આવ્યો કે, કોઈક એવી વાત પર વાર્તા લખાય કે જે આમ તો આપણી રોજિંદી જિંદગી સાથે વણાયેલી હોય પણ છતાં તે રૂટીનમાં કંઈક એવું હોય કે જે જોવું, માણવું ગમે. અને અમે આ ફિલ્મમાં કંઈક એવી જ વાત વણી લીધી છે. એક જ ઑફીસમાં કામ કરતાં બે પાત્રો વચ્ચે રચાયેલી આ કહાની છે.

**કલાકારો અને આપની ટીમ વિશે કંઈક કહો. કઈ રીતે આ સ્ટારકાસ્ટ સાથે મારી ફિલ્મ બનશે એવું નક્કી થયું?**

**અનિશ શાહઃ** મેં જ્યારે આ કથાવસ્તુ વિચારી હતી ત્યારે જ મારા દિમાગમાં એ નક્કી હતું કે આ પાત્ર પ્રતીક ગાંધી પાસે જ કરાવીશ. ઈનફેક્ટ, પ્રતીકને ધ્યાનમાં રાખીને જ આ સ્ક્રિપ્ટ, તેના ડાયલોગ્સ લખાયા હતાં. હું 'રોંગ સાઈડ રાજુ'ના શૂટ વખતે પ્રતીકને મળ્યો હતો અને મારા દિમાગમાં નક્કી થઈ ગયુ હતું કે મારે પ્રતીક સાથે કામ કરવું છે. એટલે ત્યારે જ મેં તેને કહ્યું હતું કે, હું એક ફિલ્મ પર કામ કરી રહ્યો છું અને આપણે સાથે કામ કરવું છે. સ્ક્રિપ્ટ પૂર્ણ થાય અને પ્રોજેક્ટ ફાઈનલ થાય પછી આપણે મળીશું. દીક્ષાનું સિલેક્શન પણ કંઈક એ રીતે જ થયું હતું. દીક્ષાની કલાકાર તરીકે વાત કરું તો એની આંખોમાં જબરદસ્ત અભિનય ક્ષમતા છે. અને મેં તેને આ પહેલાં ફિલ્મોમાં જોઈ હતી આથી મને ખબર હતી કે મારી ફિલ્મની હિરોઈનનું પાત્ર દીક્ષા જરૂર કરી જ શકે. આ રીતે બે મુખ્ય પાત્રોથી લઈને અમે બધા જ સેટ પર કામ કરનારા યુવાન હતાં. ઈનોવેટીવ હતાં આથી શૂટિંગ દરમિયાન પણ નવા–નવા આઈડિયાઝ આવતા રહેતા અને તે વિશેની અમે ચર્ચા પણ કરતા રહેતા. અને આ સાથે જ મારી ફિલ્મ દ્વારા બે નવા કલાકારો ઈન્ડસ્ટ્રીમાં પદાર્પણ કરી રહ્યા છે. વિશાલ શાહ અને કૌશાંબિ ભટ્ટ. અને મને ખાતરી છે કે આ ફિલ્મ

જોયા પછી આ બંને કલાકારો વિશે દર્શકોમાં અને ઈન્ડસ્ટ્રીમાં ચર્ચાઓ શરૂ થશે.

**દિગ્દર્શક તરીકે તમારો અનુભવ કેવો રહ્યો?**

**અનિશ શાહઃ** સાચું કહું તો ખૂબજ ચેલેન્જિંગ રહ્યો હતો. કારણ કે, સામાન્ય રીતે જ્યારે કોઈ એક ફિલ્મ બનતી હોય ત્યારે તેની સાથે તેની પાછળ ઘણા માણસોની મદદ હોય, બેકઅપ હોય. મારો કહેવાનો ભાવાર્થ એ છે કે ફિલ્મનો કોઈ ફાયનાન્સર હોય કે જે તમને ફંડ ફાયનાન્સ કરી દે, પણ અમારે તેવું જોઈતુ નહોતું કારણ કે, અમે અમારી રીતે આ ફિલ્મ બનાવવા માંગતા હતાં. બીજું, કેટલાંક કિસ્સાઓમાં એવું પણ હોય કે પિતા કે ફેમિલીના કોઈ સભ્ય હોય જે પ્રોડક્શનમાં મદદ કરતાં હોય. પરંતુ, મારા કિસ્સામાં એવું પણ કંઈ જ નહોતું. આ ફિલ્મ માટે મારી પરિસ્થિતિ અલગ હતી એમ કહીશ. મેં આગળ કહ્યું તેમ એકલા હાથે ત્રણ-ત્રણ ઘોડાઓ પર સવારી કરવાની હતી. આ ફિલ્મ મેં અને મારા બે મિત્રોએ પોતાની અંગત કમાણીના પૈસા નાંખીને બનાવી છે. તો ઘણી વખત એવું થતું કે, ફિલ્મનો કેટલોક હિસ્સો શૂટ કરીએ પછી પૈસા ખૂટી જાય એટલે થોડો બ્રેક લઈને ફરી પૈસા ભેગા કરીએ અને ત્યારબાદ ફરી અમારું કામ શરૂ કરીએ.

## અને હવે જાણીએ પ્રતીક ગાંધી એટલે કે 'ધૂનકી'ના નિકુંજે 'કૉકટેલ ઝિંદગી'ને આ ફિલ્મ વિશે શું કહ્યું?

**વાસ્તવિક જીવનમાં પ્રતીક ગાંધી પણ એક એન્જિનીઅર છે. પરંતુ, પ્રોફેશનલ લાઈફમાં તે એન્જિનીઅરીંગને નહીં પોતાના પૅશનને ફૉલો કરી રહ્યો છે. અને ધૂનકીનો નિકુંજ પણ કંઈક આજ પ્રકારનું વ્યક્તિત્વ છે. તો પ્રતીક અને નિકુંજ વચ્ચે કોઈ સામ્યતા હોય એવું લાગ્યું હતું આ કેરેક્ટર કરતી વખતે?**

**પ્રતીક ગાંધીઃ** હા, ચોક્કસ જ. નિકુંજના પાત્રની ઘણીબધી એવી વાતો છે, એવી લાગણીઓ છે જે કદાચ મારા પોતાના અંગત જીવન કે મારી લાગણીઓ સાથે તમે રીલેટ કરી શકો તેમ બને. અને અમારી આ ફિલ્મનો અંડરલાઈન ટોન પણ કઈંક એ જ પ્રકારનો છે કે, તમે સક્સેસ થશો કે નહીં એ બીજા ક્રમાંકની વાત છે. પરંતુ, મહત્ત્વનું એ છે કે તમે તમારા પૅશનને ફૉલો કરો, તેને વળગી રહો, તેને જીવો.

**એટલે દર્શકને ફિલ્મ જોતી વેળા એવો અહેસાસ થશે કે ક્યાંક હું જ પોતાને મળી ગયો, બરાબર?**

**પ્રતીક ગાંધીઃ** હા, તમે આ ફિલ્મની વનલાઈનરને એકદમ બરાબર પકડી છે. ખરેખર જ આ ફિલ્મ જોનાર દરેક દર્શકને એક વખત તો એવો વિચાર આવશે જ કે, આમાં ક્યાંક, કશેક તો હું પોતે જ છું. પરંતુ, અમારી આ ફિલ્મ ક્યાંય દર્શકને સ્પૂન ફીડીંગ નથી કરાવતી. ડ્રામેટીક વાતાવરણ ઊભું કરવાનું તેથી જ અમે ટાળ્યુ છે. આ ફિલ્મ રીઆલિસ્ટીક વધુ લાગે એ રીતે બનાવવામાં આવી છે. અને તેથી જ કદાચ મને એમ લાગે છે કે દર્શક તે જોતી વખતે પોતાને રીલેટ કરી શકશે. એમ કહીશ કે, તેમને એવું લાગશે જ નહીં કે અમે ફિલ્મ જોઈ રહ્યા છીએ. એવો અહેસાસ થશે કે જાણે રીઅલ લાઈફમાં અમે ક્યાંક કેમેરો મૂકીને કોઈકની વાત સાંભળી રહ્યા છીએ, કોઈકની જિંદગી જોઈ રહ્યા છીએ. અને આવી ફિલ્મ હજી સુધી ગુજરાતીમાં બની નથી, એવું મને લાગે છે.

**એટલે આ ફિલ્મના હીરો તરીકે તમે શું કહેશો કે આ ફિલ્મ દર્શકોને થિયેટર સુધી કઈ રીતે ખેંચી લાવશે?**

**પ્રતીક ગાંધીઃ** આ પ્રશ્નના બે રીતના જવાબ છે. પહેલા તો હું એમ કહીશ કે જો આ ફિલ્મ દર્શકો સુધી પહોંચે, તેને સમજે, તો જરૂર આ ફિલ્મ ગુજરાતી ફિલ્મનો એક નવો ચહેરો બનશે. પણ હા, આપનો પ્રશ્ન સાચો છે કે દર્શકોને કઈ રીતે આકર્ષી શકશે? કારણ કે, આ ફિલ્મમાં એવી કોઈ ઘટના નથી કે જે લાર્જર ધેન લાઈફ લાગે, એવી કોઈ ડ્રામેટીક પરિસ્થિતિ નથી કે જેને કારણે દર્શકને એમ થાય કે ઓહોહો... આ શું બની ગયું? પણ મને લાગે છે કે તેવું નહીં જ હોય કારણ કે આપણી વાસ્તવિક જિંદગીમાં પણ સામાન્ય રીતે તેવું કંઈ બનતું નથી હોતું. પણ કદાચ એ જ બ્યુટી



છે આ ફિલ્મની. અને તેથી જ પોતાને જ આ ફિલ્મમાં જોઈ શકતા હોવાનો અહેસાસ જ કદાચ આ ફિલ્મ જોવા દર્શકને લઈ આવશે.

**ફિલ્મનો ઑન ફ્લોર એવો કોઈ અનુભવ જે વાગોળી શકો કે આખી જિંદગી યાદ રહી જાય એવો હોય?**

**પ્રતીક ગાંધીઃ** જુઓ, ગુજરાતી ફિલ્મો માટે હું એમ કહીશ કે નવા જન્મ પછી હજી ગુજરાતી ફિલ્મોનો ચહેરો ડેવલપ થઈ રહ્યો છે. આથી મારી સાથે પણ એવું જ બન્યું છે કે, મેં જેટલી ફિલ્મો કરી છે એમાંની ઘણી ફિલ્મો તેના દિગ્દર્શકની પણ પહેલી જ ફિલ્મ હોય. આ ફિલ્મમાં પણ એવું જ છે. અનિશની આ પહેલી ફિલ્મ છે. અને તમને એ જાણીને નવાઈ લાગશે કે, જ્યારે અમે આ ફિલ્મ બનાવવાનું, શૂટ કરવાનું શરૂ કર્યું ત્યારે હજી ફિલ્મની સ્ક્રિપ્ટ પૂરેપૂરી તૈયાર નહોતી. પણ તેનો ઢાંચો તૈયાર હતો. આથી જ અમે ઑન સેટ, ઑન ફ્લોર ખૂબ ડિસ્કશન કર્યું છે. ખૂબ ક્રિએટીવ ચર્ચાઓ કરી છે. અને તેથી જ તેનું ઓર્ગેનિકલી ડેવલપમેન્ટ થયું છે. જ્યાં જ્યાં જે જરૂર હતી, જે ઈમ્પ્રોવાઈઝેશન થઈ શકે તેમ હતું તે અમે કરી શક્યા છીએ.

**દીક્ષા સાથે તમારી આ પહેલી જ ફિલ્મ છે. તો તેની સાથે કામ કરવાનો અનુભવ કેવો રહ્યો?**

**પ્રતીક ગાંધીઃ** દીક્ષા માટે એમ કહીશ કે તે એક પાવર હાઉસ છે. એનર્જીનો જબરદસ્ત ભંડાર છે. એનું સેન્સ ઑફ હ્યુમર પણ અલગ લેવલનું છે. ખૂબજ મજા આવી છે મને. અમે ખૂબ ધમાલ પણ કરી છે, ઑન સ્ટેજ ઑફ સ્ટેજ પણ.

**અને અનિશ સાથેનો અનુભવ?**

**પ્રતીક ગાંધીઃ** અનિશ માટે એક જ શબ્દમાં કહું તો પૅશનેટ વ્યક્તિ છે. તે પોતાના ક્રિએશનની બાબતમાં ખૂબજ વિઝનરી તો છે જ, એટલો જ મહેનતુ પણ છે. તમે એને આજે મળો અને ત્યાર પછી છ મહિના પછી મળો પણ અનિશમાં એનર્જી લેવલ અને પૅશન તમને એક જ લેવલનું જોવા મળે. કારણ કે જ્યારે સેલ્ફ ફાયનાન્સથી ફિલ્મ બનાવતા હોય ત્યારે પૅશન અને પૅશન્સ બંને એક સરખું જોઈએ. અને અનિશમાં આ બંને ચીજો જબરદસ્ત છે.

**દીક્ષાએ પણ 'કૉકટેલ ઝિંદગી' સાથે આ ફિલ્મ અંગે ખૂબ જ રસપ્રદ વાતો કરી હતી. તો આવો શ્રેયા એટલે કે દીક્ષાને 'ધૂનકી' મારફત મળીએ.**

દીક્ષા આ ફિલ્મમાં એક આઈ.ટી. એન્જિનીઅર શ્રેયાનું પાત્ર ભજવી રહી છે. અને પોતાના કામ માટે પૅશનેટ કહી શકાય તે રીતની છોકરી છે. અને શ્રેયાનું કૅરેક્ટર બિલ્ડઅપ, ડેવલપમેન્ટ આ ફિલ્મમાં જબરદસ્ત છે. જેને કોઈ ડોમિનેટ કરે એ ફાવતું નથી. પોતાના સપનાઓને મહત્ત્વ આપનારી છોકરી છે.

**પ્રતીક સાથે કામ કરવાનો અનુભવ કેવો રહ્યો?**

**દીક્ષાઃ** તમને સાચું કહું તો હું જ્યારે કૉલેજમાં ભણતી હતી ત્યારથી જ પ્રતીકની ફેન હતી. મેં તેમને 'બે યાર' ફિલ્મમાં જોયા હતાં અને ત્યારે મને તેમનું કામ ખૂબ જ ગમ્યુ હતું. અને ખરેખર કહું



તો મેં જ્યારે અભિનયની સફર શરૂ કરી ત્યારે જ મનમાં એવી ઈચ્છા હતી કે એકવાર તો એમની સાથે કામ કરવું જ છે. અને જુઓ મારી એ ઈચ્છા આ ફિલ્મ દ્વારા પૂરી થઈ. આથી જ્યારે મને ખબર પડી કે આ ફિલ્મમાં મારી સાથે તે કામ કરી રહ્યા છે ત્યારે હું ખૂબજ એક્સાઈટેડ હતી. અને ફિલ્મમાં જે રીતે અમારું પાત્ર લખાયું છે તે જ રીતનો સંબંધ વાસ્તવિક જીવનમાં પણ અમારો છે. હું તેમને લગભગ અઢી વર્ષથી ઓળખું છું અને તે મારા ખૂબ સારા મિત્ર છે. અને બીજી રીતે કહું તો એ મારા ગુરુ પણ છે. તેમણે મને ખૂબ શીખવ્યું છે. તેમની પાસે નવું નવું જાણ્યું છે.

**અનિશ સાથે કામ કરવાનો અનુભવ કેવો રહ્યો?**

**દીક્ષાઃ** અનિશ તો આમ પણ પહેલેથી જ મારો ખૂબ સારો મિત્ર છે. અમારું ટ્યુનિંગ પહેલાં દિવસથી જ એટલે ખૂબ સારું હતું. તેથી જ અનિશના દિમાગમાં આ ફિલ્મ જે રીતે રચાઈ હતી તે અમારી સાથે પણ તે ખૂબ સારી રીતે કમ્યુનિકેટ કરી શક્યા છે. અનિશમાં એક ખૂબ સારી કાબેલિયત છે અને તે છે એનું વિઝન. એને ખબર છે કે એ શું કરવા માંગે છે અને મહત્ત્વની વાત એ છે કે તે પ્રમાણે જ તે કરી પણ દેખાડે છે. ખૂબ સારો વિઝનરી દિગ્દર્શક છે, અનિશ.

**બે વર્ષ જેટલો લાંબો સમય લાગી ગયો આ ફિલ્મને રિલીઝ થતાં, તો ક્યારેય ફ્રસ્ટ્રેશન જેવું નથી થયું કે આટલો લાંબો સમય લાગી ગયો?**

**દીક્ષાઃ** હા પણ અને ના પણ. કારણ કે, અનિશભાઈ પોતે જ આ ફિલ્મ ફાયનાન્સ પણ કરી રહ્યા હતા તો અમને ખબર હતી કે આ ફિલ્મ કઈ રીતે બની રહી છે. આથી શૂટિંગ દરમિયાન ક્યારેય એવો અહેસાસ સુધ્ધાં નથી થયો. પરંતુ, એક વખત ફિલ્મ બની ગયા પછી અમે ખૂબ આતુર હતાં કે હવે જલ્દીથી રિલીઝ થાય. કારણ કે આ ફિલ્મ બીજી ગુજરાતી ફિલ્મો કરતાં સાવ અલગ છે. કોઈ મસાલા મૂવી ટાઈપ નથી આ ફિલ્મ. એટલે અમને થતું હતું કે, અમે એક ખૂબ સારી ફિલ્મ બનાવી છે તો હવે તે જલ્દીથી રિલીઝ થવી જોઈએ. ■